નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાપી, પ્રાંત-વાપીની કચેરી
તાલુકા સેવા સદન, પારડી, બ્લોક નં.૦૨, ને.હા. નં.૪૮,
ફોન નં. ૦૨૬૦-૨૩૭૦૦૩૦, E-Mail :- dycoll-rev-pardi@gujarat.gov .in

નં.એમએજી/COVID-19/વશી.  /૨૦૨૦ તા.૨૧/૦૩/૨૦૨૦

<u>તાત્કાલિક / સમયમર્યાદા</u>

પ્રતિ,
(૧) પ્રમુખશ્રી / મંત્રીશ્રી, વાપી ઔધોગિક વસાહત (વી.આઈ.એ.), વાપી
(૨) પ્રાદેશિક અધિકારીશ્રી, જી.આઈ.ડી.સી.,વાપી

વિષય :- <u>કોરોના વાયરસ COVID-19</u>
ઔધોગિક એકમો  તથા ઉધોગગૃહો બંધ રાખવા બાબત.

ઉપરોક્ત વિષય અંતર્ગત જણાવવાનું કે, હાલના સંજોગોમાં કોરોના વાયરસ COVID-19 ના પરિણામે ઉદભવેલ પરિસ્થિતિને પહોંચી વળવા માટે જી.આઈ.ડી.સી. વિસ્તારમાં મોટા ઔધોગિક એકમો તેમજ અન્ય ઉધોગગૃહોમાં મોટા પ્રમાણમાં કર્મચારીઓ રોજગારી અર્થે દૈનિક ધોરણે આવન-જાવન કરતા હોય છે. જે હાલના પ્રવર્તમાન સંજોગોમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના વિવિધ વિભાગો ધ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકાઓનો ચુસ્તપણે અમલ કરવા તેમજ કોરોના વાયરસ ફેલાવવાને અટકાવવા અને તેના ઉપર નિયંત્રણ કરવું જરૂરી જણાતા મે. કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વલસાડની સુચના મુજબ તા.૨૯/૦૩/૨૦૨૦ સુધી તમામ ઔધોગિક એકમો / ઉધોગગૃહો તાત્કાલિક અસરથી બંધ રાખવા જણાવવામાં આવે છે.

ઉક્ત સુચના તમામ સભાસદ ઔધોગિક ગૃહ / એકમોને જાણમાં લાવી તદનુસાર અમલવારી થાય તે જોવા વિનંતી છે.

21/3/2020

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
વાપી

નકલ સવિનય રવાના :- મે.કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વલસાડ તરફ જાણ સારૂ.
નકલ રવાના :- (1) કાર્યપાલક મેજીસ્ટ્રેટશ્રી, વાપી
(2) તાલુકા વિકાસ અધિકારીશ્રી, વાપી
(3) પોલીસ ઈન્સપેક્ટરશ્રી, (વાપી ટાઉન / વાપી ઉધોગનગર) પોલીસ સ્ટેશન
(4) પોલીસ સબ ઈન્સપેક્ટરશ્રી, ડુંગરા  પોલીસ સ્ટેશન
(5) ચીફ ઓફિસરશ્રી, વાપી
(6) ચીફ ઓફિસરશ્રી, નોટીફાઈડ એરીયા, વાપી
૨/- જાણ તથા જરૂરી અમલવારી કરાવવા સારૂ.

C:\Users\ADM\Downloads\Vapi.docx